# સહકારી મંડળીઓ RTIનાં દાયરામાં નહીં: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, તા. ૧૫

સહકારી મંડળીઓ રાઈટ-ટુ-ઈન્ફર્મેશન એક્ટનાં દાયરામાં આવતી નથી તેવો ચુકાદો સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવ્યો છે. કેરળ સરકાર દ્વારા તાજેતરમાં એક સરક્યુલર બહાર પાડીને આવી તમામ સહકારી મંડળીઓને ટ્રાન્સપરન્સી લો હેઠળ લાવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે આ સરક્યુલરને રદ ઠરાવ્યો હતો.

જસ્ટિસ કે એસ રાધાકૃષ્ણન અને એ કે સિકીની બેન્ચે ઠરાવ્યું હતું કે સરકાર દ્વારા આવી સંસ્થાઓ પર માત્ર દેખરેખ કે તેનાં સુપરવિઝનથી તે સરકારી સંસ્થા બની જતી નથી. આમ કહીને બેન્ચે કેરળ સરકારના સરક્યુલરને રદબાતલ ઠરાવ્યો હતો. બેન્ચે કહ્યું હતું કે આવી સહકારી મંડળીઓ પર રજિસ્ટ્રારકે જોઈન્ટ રજિસ્ટ્રાર કે સરકાર જેવી કાનૂની સત્તામંડળનું નિયંત્રણ હોય તે જરૂરી છે પણ તેનો મતલબ એવો નથી કે તેની કામગીરી પર રાજ્યનો કોઈ સીધો કે આડકતરો અંકુશ હોય.

મે ૨૦૦૯માં કેરળ સરકાર દ્વારા રજિસ્ટ્રારઓફ કો-ઓપરેટિવ સોસાયટીને રાજ્ય સરકારે જણાવ્યું હતું કે સરકારના કાયદા દ્વારા સ્થપાયેલી અને નિયંત્રિત તમામ સહકારી મંડળીઓ એ જાહેર સંસ્થા છે તેથી તે રજિસ્ટ્રારઓફ કો-ઓપરેટિવ સોસાયટીના સીધા અંકુશ હેઠળ આવે છે. સુપ્રીમની બેન્ચ દ્વારા રાજ્ય સરકારના આ આદેશને રદ ઠરાવાયો હતો અને કહ્યું હતું કે સહકારી મંડળીઓ પર માત્ર દેખરેખ અને નિયમન માટે જ રજિસ્ટ્રારને સત્તા મળેલી છે.